# The Sunlit Path



15 December 2015

75

Platinum Jubilee Issue

Sri Aurobindo Chair of Integral Studies
Sardar Patel University
Vallabh Vidyanagar
Gujarat
India

Volume 7

Issue 75

# The Sunlit Path

75

Platinum Jubilee Issue

## Contents


| | | Page No. |
|---|---|---|
| • **From the Desk of the Vice-Chancellor** | Prof. Harish Padh | 1 |
| • **Editorial** | | 3 |
| • **Blessings:** | | 5 |
| Message from the Managing Trustee of Sri Aurobindo Ashram, Pondicherry | | 6 |
| • **Living Words** | | |
| Sri Aurobindo's Teaching | The Mother | 7 |
| • **Integral Life** | | |
| The Human Aspiration | Sri Aurobindo | 8 |
| Ourselves | Sri Aurobindo | 10 |
| • **Integral Education** | | |
| સાચી અને જીવંત કેળવણી | શ્રી અરવિન્દ | 13 |
| • **સંસ્મરણો** | | |
| અંબુભાઈ પુરાણી | | 17 |
| નિરોદબરન | | 19 |
| કનૈયાલાલ મુનશી | | 20 |
| ભાઈકાકા (ભાઈલાલભાઈ પટેલ) | | 21 |
| • આખાયે આયખાની કેળવણી | શ્રી માતાજી | 22 |
| • Acknowledgements | | 22 |

# Message from the Desk of the Vice-Chancellor

Prof. Harish Padh, Ph D
Vice-Chancellor

Sardar Patel University
Vallabh Vidyanagar 388 120 - Gujarat, India
Phone : (02692) (O) 230009 / 226800 / 236473 (R) 237611
Telefax : (02692) 230009
Email : vcspu@yahoo.co.in

**The Platinum Issue of The Sunlit Path**
**Message from the Desk of the Vice-Chancellor**

I am delighted to know that *The Sunlit Path*, an e-magazine published by Sri Aurobindo Chair of Integral Studies, Sardar Patel University is coming out with its 75th issue on 15th December, 2015.

In the era of rapid growth of information technology today, obligations of the institutions of Higher Education include deliberate efforts to offer to its students that which will enable them to remain ahead of computers and aligned to Life. Students, who can acquire so much knowledge through internet, need to be made aware of the wisdom and the philosophy of Life, which can help them in living *Life Beautiful*. This is indeed to walk in the foot prints of the leaders of the nation like Sri Aurobindo and Sardar Patel who envisioned not only an India beyond mere political independence but also dreamt of infusing the Spiritual Light of ancient India into the future generations.

It is in this direction that the efforts of Sri Aurobindo Chair of Integral Studies of Sardar Patel University have been consistently and consciously contributing through several activities including publication of this magazine and surely will have made influence to those receptive to the Ideals of the Teaching.

*Integral Education* and *The Synthesis of the Matter and Spirituality* form the basic concept of the vision of Sri Aurobindo and the Mother of Sri Aurobindo Ashram, Pondicherry and, therefore, the focus of the activities of the chair.

I am happy to note that the sections of the e-magazine, namely 'Living Words', Integral Education', 'Integral Life' and 'Integral Health' have been source of immense guidance and inspiration to its readership.

I am also happy to mention that the chair has introduced 'Life Enrichment Course' for the Postgraduate students in Humanities and Social sciences of Sardar Patel University four years ago and this has been in place all these years.

Cont...2.

...2...

The objective of the Integral studies is to evolve the right line of learning and to develop expertise and leadership in all walks of life. It also puts an emphasis on striving towards and promoting qualitative excellence along with social justice. It is essential that the scientific and spiritual pursuits should act in collaboration with each other to promote the ideal of understanding the whole world as one united family.

I appreciate the efforts put up sincerely by Dr. Bhalendu Vaishnav, Chairperson of Sri Aurobindo Chair of Integral Studies and his colleagues for pursuing useful endeavour of publication of The Sunlit Path during a long stretch of time since 2009.

Date: 8-Dec-15
Place: Vallabh Vidyanagar

(Harish Padh)

## Editorial

Dear Friends,

It is with a sense of infinite gratitude to Sri Aurobindo and the Mother that I am bringing to you the seventy fifth issue of The Sunlit Path. Publication of 'The Sunlit Path', an e magazine of Sri Aurobindo Chair of Integral Studies, Sardar Patel University started on 15th August, 2009 with a view to offer its readers a small glimpse of vast writings of Sri Aurobindo and the Mother in the areas of Integral Education, Integral Life and Integral Health. Their profoundly inspiring and enlightening writings on wide ranging issues of life, education and health can offer us truly the 'Sunlit Path' -to walk on- in our journey of life, if we turn to them with aspiration, openness and receptivity.

Publishing seventy five issues of The Sunlit Path has been much more an inner than an outward activity, at once blissful and gratifying along with a sense of deep humility. I am thankful to the learned readers of the magazine for their compliments. I also welcome new readers from large number of colleges of Anand and Kheda District which have been included Sardar Patel University.

The present issue contains picture of cover-page of book 'The Life Divine' bearing Sri Aurobindo's autograph on it. This was the first ever book specially given by The Mother as Blessings to its founders Shri Bhaikaka and Shri Bhikhabhai Patel for the university library when they visited Sri Aurobindo Ashram for Darshan of Sri Aurobindo and The Mother and described their plan to set up the university. At a time when the university is expanding its educational arena from a township to cover higher education institutions of two districts, it is very apt to bring reference of the Blessings received at the time of its foundation.

We have received Blessings of the Mother on the occasion of publication of Platinum issue of The Sunlit Path from the managing trustee of Sri Aurobindo Ashram, Pondicherry.

I am also grateful to the Honourable Vice-Chancellor of Sardar Patel University for giving his special message on this occasion. He has pertinently emphasized the need of expanding the dimensions of education to make it oriented to integral development through conscious and deliberate efforts.

The present issue contains a small description of the quintessential work of Sri Aurobindo in words of The Mother. Some very important passages from 'The Human Aspiration' - the first chapter of 'The Life Divine' are included in the section on 'Integral Life'. An essay 'Ouerselves' describes the importance of incorporating spiritual ideal in solving the riddle of the world. The 'Integral Education' section contains Gujarati translation of an essay written by Sri Aurobindo on 'True and Living Education'.

In the final section, we have reminiscences of those who were students of Sri Aurobindo at Baroda college, (now the M.S. University of Baroda) during 1893 to 1907 and those who had the Darshan of Sri Aurobindo in Pondicherry.


I trust you will find the contents inspirational.


With sincere regards,
Dr Bhalendu Vaishnav


15th December, 2015



## Blessings







Blessings

## Message from the Managing Trustee, Sri Aurobindo Ashram, Pondicherry

**Dr. Bhalendu Vaishnav**
Chairperson
Sri Aurobindo Chair of Integral Studies
Sardar Patel University
Vallabh Vidyanagar

**Dear Bhalendu,**

We are happy to know that Sri Aurobindo Chair of Integral Studies, Sardar Patel University is publishing the 75th issue of "The Sunlit Path", its monthly e-magazine.

Sri Aurobindo's teachings and yoga offer a unique, transforming direction to the world and Sri Aurobindo Chair of Integral Studies has done a remarkable work through the publication of "The Sunlit Path", helping those who are inclined to work for a luminous future for mankind. The students, the faculty and the entire academic fraternity are being given an opportunity to participate in this great endeavor.

Our congratulations to the editor and all involved in this noble venture

With the Mother's Love and Blessings

Yours sincerely,

Manoj Das Gupta
Managing Trustee
Sri Aurobindo Ashram

Living Words

# Sri Aurobindo's Teaching

## The Mother

There is an ascending evolution in nature which goes from the stone to the plant, from the plant to the animal, from the animal to man. Because man is, for the moment, the last rung at the summit of the ascending evolution, he considers himself as the final stage in this ascension and believes there can be nothing on earth superior to him. In that he is mistaken. In his physical nature he is yet almost wholly an animal, a thinking and speaking animal, but still an animal in his material habits and instincts.

Undoubtedly, nature cannot be satisfied with such an imperfect result; she endeavours to bring out a being who will be to man what man is to the animal, a being who will remain a man in its external form, and yet whose consciousness will rise far above the mental and its slavery to ignorance.

Sri Aurobindo came upon earth to teach this truth to men. He told them that man is only a transitional being living in a mental consciousness, but with the possibility of acquiring a new consciousness, the Truth-consciousness, and capable of living a life perfectly harmonious, good and beautiful, happy and fully conscious. During the whole of his life upon earth, Sri Aurobindo gave all his time to establish in himself this consciousness he called supramental, and to help those gathered around him to realise it. *(1)*

**Sri Aurobindo's work is a unique earth-transformation.**

**The Mother**

**Integral Life**

# The Human Aspiration

## Sri Aurobindo

THE EARLIEST preoccupation of man in his awakened thoughts and, as it seems, his inevitable and ultimate preoccupation,—for it survives the longest periods of scepticism and returns after every banishment,—is also the highest which his thought can envisage. It manifests itself in the divination of Godhead, the impulse towards perfection, the search after pure Truth and unmixed Bliss, the sense of a secret immortality. The ancient dawns of human knowledge have left us their witness to this constant aspiration; today we see a humanity satiated but not satisfied by victorious analysis of the externalities of Nature preparing to return to its primeval longings. The earliest formula of Wisdom promises to be its last,—God, Light, Freedom, Immortality.

These persistent ideals of the race are at once the contradiction of its normal experience and the affirmation of higher and deeper experiences which are abnormal to humanity and only to be attained, in their organised entirety, by a revolutionary individual effort or an evolutionary general progression. To know, possess and be the divine being in an animal and egoistic consciousness, to convert our twilit or obscure physical mentality into the plenary supramental illumination, to build peace and a self-existent bliss where there is only a stress of transitory satisfactions besieged by physical pain and emotional suffering, to establish an infinite freedom in a world which presents itself as a group of mechanical necessities, to discover and realize the immortal life in a body subjected to death and constant mutation,—this is offered to us as the manifestation of God in Matter and the goal of Nature in her terrestrial evolution. To the ordinary material intellect which takes its present organization of consciousness for the limit of

its possibilities, the direct contradiction of the unrealised ideals with the realised fact is a final argument against their validity. But if we take a more deliberate view of the world's workings, that direct opposition appears rather as part of Nature's profoundest method and the seal of her completest sanction. For all problems of existence are essentially problems of harmony. They arise from the perception of an unsolved discord and the instinct of an undiscovered agreement or unity. To rest content with an unsolved discord is possible for the practical and more animal part of man, but impossible for his fully awakened mind, and usually even his practical parts only escape from the general necessity either by shutting out the problem or by accepting a rough, utilitarian and unillumined compromise. For essentially, all Nature seeks a harmony, life and matter in their own sphere as much as mind in the arrangement of its perceptions. The greater the apparent disorder of the materials offered or the apparent disparateness, even to irreconcilable opposition, of the elements that have to be utilised, the stronger is the spur, and it drives towards a more subtle and puissant order than can normally be the result of a less difficult endeavour. *(2)*



# Ourselves

## Sri Aurobindo

A spiritual ideal has always been the characteristic idea and aspiration of India. But the progress of Time and the need of humanity demand a new orientation and another form of that ideal. The old forms and methods are no longer sufficient for the purpose of the Time-Spirit. India can no longer fulfil herself on lines that are too narrow for the great steps she has to take

in the future. Nor is ours the spirituality of a life that is aged and world-weary and burdened with the sense of the illusion and miserable inutility of all God's mighty creation.

Our ideal is not the spirituality that withdraws from life but the conquest of life by the power of the spirit. It is to accept the world as an effort of manifestation of the Divine, but also to transform humanity by a greater effort of manifestation than has yet been accomplished, one in which the veil between man and God shall be removed, the divine manhood of which we are capable shall come to birth and our life shall be remoulded in the truth and light and power of the spirit. It is to make of all our action a sacrifice to the master of our action and an expression of the greater self in man and of all life a Yoga.

**The West has made the growth of the intellectual, emotional, vital and material being of man its ideal, but it has left aside the greater possibilities of his spiritual existence. Its highest standards are ideals of progress, of liberty, equality and fraternity, of reason and science, of efficiency of all kinds, of a better political, social and economical state, of the unity and earthly happiness of the race. These are great endeavours, but experiment after experiment has shown that they cannot be realised in their truth by the power of the idea and the sentiment alone: their**

**real truth and practice can only be founded in the spirit.** The West has put its faith in its science and machinery and it is being destroyed by its science and crushed under its mechanical burden. It has not understood that a spiritual change is necessary for the accomplishment of its ideals. The East has the secret of that spiritual change, but it has too long turned its eyes away from the earth. The time has now come to heal the division and to unite life and the spirit.

This secret too has been possessed but not sufficiently practiced by India. It is summarised in the rule of the Gita, *yogasthah kuru karmani*. Its principle is to do all actions in Yoga, in union with God, on the foundation of the highest self and through the rule of all our members by the power of the spirit. And this we believe to be not only possible for man but the true solution of all his problems and difficulties.

This then is the message we shall constantly utter and this the ideal that we shall put before the young and rising India, a spiritual life that shall take up all human activities and avail to transfigure the world for the great age that is coming. India, she that has carried in herself from of old the secret, can alone lead the way in this great transformation of which the present *sandhya* of the old *yuga* is the forerunner. This must be her mission and service to humanity,—as she discovered the inner spiritual life for the individual, so now to discover for the race its integral collective expression and found for mankind its new spiritual and communal order.

**Our first object shall be to declare this ideal, insist on the spiritual change as the first necessity and group together all who accept it and are ready to strive sincerely to fulfil it: our second shall be to build up not only an individual but a communal life on this principle. An outer activity as well as an inner change is needed and it must be at once a spiritual,**

**cultural, educational, social and economical action. Its scope, too, will be at once individual and communal, regional and national, and eventually a work not only for the nation but for the whole human people. The immediate object of this action will be a new creation, a spiritual education and culture, an enlarged social spirit founded not on division but on unity, on the perfect growth and freedom of the individual, but also on his unity with others and his dedication to a larger self in the people and in humanity, and the beginning of an endeavour towards the solution of the economic problem founded not on any Western model but on the communal principle native to India.**

Our call is to young India. It is the young who must be the builders of the new world,—not those who accept the competitive individualism, the capitalism or the materialistic communism of the West as India's future ideal, nor those who are enslaved to old religious formulas and cannot believe in the acceptance and transformation of life by the spirit, but all who are free in mind and heart to accept a completer truth and labour for a greater ideal. They must be men who will dedicate themselves not to the past or the present but to the future. They will need to consecrate their lives to an exceeding of their lower self, to the realisation of God in themselves and in all human beings and to a whole-minded and indefatigable labour for the nation and for humanity. This ideal can be as yet only a little seed and the life that embodies it a small nucleus, but it is our fixed hope that the seed will grow into a great tree and the nucleus be the heart of an ever extending formation. It is with a confident trust in the spirit that inspires us that we take our place among the standard-bearers of the new humanity that is struggling to be born amidst the chaos of a world in dissolution and of the future India, the greater India of the rebirth that is to rejuvenate the mighty outworn body of the ancient Mother. *(3)*

Integral Education

# સાચી અને જીવંત કેળવણી

## શ્રી અરવિંદ

પ્રથમ તો આપણે સાચી કેળવણી, એનો મૂળ અર્થ, એનું પાયાનું લક્ષ્ય અને રહસ્ય આ બાબતો અંગે આપણે જે કાંઈ સમજતા હોઇએ તેમાં રહેલી અસ્પષ્ટતાઓને દૂર કરી લઇએ એ જરૂરનું છે. કારણ કે આ વસ્તુઓની સ્પષ્ટતા થઇ ગયા પછી જ આપણે આપણા કામનો પાકે પાયે આરંભ કરી શકીશું અને આ શબ્દોમાં આપણે જે ભાવાર્થ પૂરવા માગીએ છીએ તે ભાવાર્થનું સાચું સ્થાન તથા તેનું સંપૂર્ણ રહસ્ય શું હોઇ શકે તે નક્કી કરવાનું હાથ લઈ શકીશું. રાષ્ટ્રીય કેળવણી એ શું છે અથવા તો કેવી હોવી જોઇએ એ વિશે હું ખાતરીપૂર્વક વિચાર કરી શકું તે પહેલાં કેળવણી પોતે શું છે તથા કેવી હોવી જોઈએ તે વિશે મારે ખાતરી કરી લેવી જોઈએ. તો આપણે આરંભમાં જે વસ્તુ રજૂ કરી હતી તેને લઈને જ આરંભ કરીએ, અને હું ધારું છું કે એને વિશે કોઈ મોટો મતભેદ હોઈ શકે તેમ નથી. આપણે આરંભમાં એમ કહેલું કે એક સાચી અને જીવંત કેળવણીમાં આપણે ત્રણ વસ્તુઓનો ખ્યાલ રાખવાનો છે. એ વસ્તુઓ છે માણસ પોતે. એટલે કે પોતાની સામાન્યતામાં અને અનન્યતામાં રહેતી એવી વ્યક્તિ, રાષ્ટ્ર અથવા તો પ્રજા અને વિશ્વની માનવતા. આમાંથી એ વાત ફલિત થાય છે કે જે કેળવણી માનવમાં જે જે વસ્તુઓ રહેલી છે તે બધીને પૂરેપૂરી રીતે બહાર લઈ આવવામાં મદદ કરતી હોય, અને માનવ જીવનના પૂર્ણ હેતુને તથા વિકાસને સિદ્ધ કરવાને એ વસ્તુઓને તૈયાર કરતી હોય એ જ માત્ર સાચી અને જીવંત કેળવણી છે. અને સાચે સાથે આ કેળવણીએ વ્યક્તિ જે પ્રજામાં આવેલી હોય તે પ્રજાના જીવન સાથે, મન અને આત્મા સાથે તે સાચા સંબંધમાં આવે તેમાં મદદરૂપ થવું જોઈએ. માણસ પોતે માનવજાતિનો એક એકમ છે. અને એ જે પ્રજાનો કે દેશનો હોય તે પ્રજા અથવા તો દેશ માનવજાતિનું એક જીવતું જાગતું અને ભિન્ન સ્વરૂપવાળું છતાં તેનાથી છૂટું ન પાડી શકાય તેવું અંગ છે. આ આખા પ્રશ્નનો આ વિશાળ અને સમગ્રરૂપ તત્ત્વના પ્રકાશમાં મૂકીને આપણે વિચાર કરીશું તો જ આપણને એ વસ્તુનો સારી રીતે સ્પષ્ટ ખ્યાલ આવશે કે આપણે આપણી કેળવણીને કેવું સ્વરૂપ આપવા

માગીએ છીએ તથા રાષ્ટ્રીય કેળવણી દ્વારા આપણે કઈ વસ્તુ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરીશું. અત્યારના સમયે હિંદમાં દૃષ્ટિની અને પાયાની આ વિશાળતા અત્યંત જરૂરની છે. આ દેશના જીવન ધ્યેયમાં રહેલી સારીયે શક્તિને, તેના ભાવિની આ કટોકટીભરી ગતિમાં એને જે એકમાત્ર વસ્તુ જરૂરની છે તેના તરફ વાળવાની રહે છે. અને એ જરૂર તે એ છે કે આ દેશે વ્યક્તિમાં અને પ્રજામાં તેના પોતાના આત્માને શોધી લેવાનો છે અને તેની ફરીથી ઘટના કરવાની છે, અને આ રીતે પોતાની આંતરિક મહત્તા પાછી પ્રાપ્ત કરી લઈને તેણે માનવજાતિના જીવનમાં તેનો જે સાચી રીતનો અને કુદરતી એવો ભાગ તથા સ્થાન રહેલાં છે તે પાછા મેળવી લેવાનાં છે.

પરંતુ માણસ અને તેનું જીવન એ શું છે, રાષ્ટ્ર પોતે અને તેનું જીવન એ શું છે, માનવતા અને માનવજાતિનું જીવન એ શું છે તે વિશે જગતમાં ઘણા જુદા જુદા ખ્યાલો હોવાનો સંભવ છે, અને આ મતભેદ પ્રમાણે કેળવણી વિશેના આપણા ખ્યાલ અને પ્રયત્નમાં ઠીકઠીક તફાવત હોઇ શકે છે. આ વસ્તુઓ વિશે હિંદની પાસે તેનો પોતાનો લાક્ષણિક ખ્યાલ અને દર્શન હંમેશાં રહેલાં છે, અને આપણે એ જોવાનું રહે છે કે આપણી કેળવણીના છેક મૂળમાં આ જ વસ્તુ ખરેખર રહેલી હશે કે નહિ અથવા તો રહેવી જોઇએ કે નહિ, અને સંભવ તો એ જ પ્રમાણે હોવાનો છે, અને આ જ એકમાત્ર વસ્તુમાંથી આપણને કેળવણીને તેનું સાચું રાષ્ટ્રીય સ્વરૂપ મળી આવશે. હિંદના વિચારકોએ એમ વિચાર્યું નથી કે માણસ તે સ્થૂલ પ્રકૃતિએ વિકસાવેલું એક જીવતું શરીર છે, અને એ શરીરે પછી પ્રાણની અમુક વૃત્તિઓ, એક અહંકાર, એક મન અને એક બુદ્ધિ વિકસાવ્યાં છે, માણસ તો એક મનુ કોટિનું પ્રાણી છે અને આપણી બાબતમાં આપણે હિંદની કોટિનું પ્રાણી છીએ, અને આ પ્રાણીનું આખુંયે જીવન અને કેળવણી એક કેળવાયેલા મન અને બુદ્ધિના શાસન હેઠળ આ પ્રાણની વૃત્તિઓને તૃપ્ત કરવા માટે જ યોજાવાં જોઇએ તથા તે વ્યક્તિના અને રાષ્ટ્રના અહંને સૌથી વધારે લાભકારક નીવડે એ રીતે યોજાવાં જોઈએ. વળી હિંદના ચિંતનમાં એવું વલણ પણ રહેલું નથી કે માણસ એ મુખ્યત્વે એક તર્કશક્તિવાળું પ્રાણી છે, અથવા તો એને વિશેની પરિચિત વ્યાખ્યા થોડી વિશાળ કરીને કહેતાં, તે એક વિચાર કરનારું, સંવેદનો સેવનારું અને ઇચ્છાશક્તિ ધરાવતું પ્રાકૃતિક અસ્તિત્વ છે, માણસ એ સ્થૂલ પ્રકૃતિનો મનોમય પુત્ર છે અને તેની કેળવણી તે માનસિક શક્તિઓની કેળવણી બનવી જોઇએ, અથવા તો હિંદે એવી વ્યાખ્યા નથી આપી કે માણસ તે એક રાજકીય,

સામાજિક અને આર્થિક પ્રાણી છે અને તેને આપવાની કેળવણી તે તેને સમાજ અને રાજ્યનું એક કાર્યક્ષમ, ઉત્પાદક અને સારી રીતે શિસ્તબદ્ધ એવું અંગ બનવાને માટેની યોગ્યતા મેળવી આપવાની તાલીમ રૂપ રહેશે. આ બધાં બેશક માનવનાં સ્વરૂપો છે, અને હિંદે એ સર્વને તેના વિશાળ દર્શનમાં સારું એવું સ્થાન આપેલું છે, પરંતુ આ બધી બાહ્ય વસ્તુઓ છે, એનાં મન, પ્રાણ અને કર્મ કરણ રૂપે રહીને જે કાર્ય કરે છે તે કાર્યનાં એ અંગો છે, એમાં આખોયે ખરો માનવ આવી જતો નથી.

હિંદે હંમેશાં માણસમાં એક વ્યક્તિરૂપ આત્મા જોયો છે, એ આત્મા તે પ્રભુનો મન અને શરીરમાં વીંટળાયેલો અંશ છે, એ આત્મા તે વિશ્વરૂપ આત્મા અને આત્મતત્ત્વનો પ્રકૃતિમાં બનેલો એક સભાન આવિર્ભાવ છે. હિંદે માણસમાં એક મનોમય પુરુષ, એક બૌદ્ધિક, નૈતિક અને સક્રિય અને વ્યવહારુ પુરુષ, રસાત્મક અને ભોગાત્મક પુરુષ રહેલો છે, તેનામાં એક પ્રાણમય અને સ્થૂલ શારીરિક પુરુષ છે એવો ભેદ હંમેશાં કરેલો છે અને તે બધાને કેળવ્યા છે. પરંતુ આ બધાને તેણે આત્માની શક્તિઓ તરીકે જોયા છે, એણે જોયું છે કે એ બધામાં થઈને આત્મા પોતાનો આવિર્ભાવ કરે છે અને તેમની વૃદ્ધિની સાથે પોતે વૃદ્ધિ પામતો જાય છે અને છતાં એ બધા પુરુષોમાં જ તે આવી જતો નથી, કારણ કે આત્મા એના આરોહણના શિખરે પહોંચ્યા પછી ત્યાંથી એ આ સર્વ કરતાં કોઈ એક વધુ મહાન વસ્તુ પ્રત્યે ગતિ કરતો થાય છે, તે એક આધ્યાત્મિક સ્વરૂપમાં પહોંચે છે, અને આ જે આધ્યાત્મિક સ્વરૂપ છે તેમાં જ હિંદે માનવના આત્માનું અને તેની છેવટની દિવ્ય માનવતાનું, તેના પરમાર્થનું અને ઉત્તમોત્તમ પુરુષાર્થનું પરમ આવિષ્કરણ જોયું છે. અને આ જ પ્રમાણે હિંદે રાષ્ટ્ર અથવા તો પ્રજાનો અર્થ એવો નથી કર્યો કે તે એક સંગઠિત બનેલું રાજ્ય છે અથવા તો એક શસ્ત્રસજ્જ અને કાર્યદક્ષ એવો સમાજ છે અને તે જીવનના સંઘર્ષ માટે બરાબર સજ્જ બની રહેલો છે, અને એમ કહીને તેણે બધી જ વસ્તુઓને રાષ્ટ્રના અહંકારની સેવામાં મૂકી દીધેલી નથી. આ રાષ્ટ્રીય અહંકાર તો લોખંડી બખતરનો એક બુરખો છે, એ રાષ્ટ્ર-પુરુષને ઢાંકી રાખે છે અને તેના પર ભાર રૂપ બની રહે છે. હિંદે તો એમ જોયું છે કે રાષ્ટ્ર એ તો એક મહાન સામુદાયિક આત્મા અને જીવન છે. અને એ આત્મા અને જીવન આખા સમગ્ર જગતમાં પ્રગટ થયેલાં છે, એ આત્માએ અને જીવને તેની આગવી પ્રકૃતિ આવિર્ભૂત કરી છે અને એ પ્રકૃતિનો એક નિયમ પ્રગટ કર્યો છે, સ્વભાવ અને સ્વધર્મ, અને એ પ્રકૃતિને તથા તેના નિયમને તેનાં બૌદ્ધિક,

નૈતિક, ક્રિયાત્મક, સામાજિક અને રાજકીય એવાં રૂપોમાં અને સંસ્કૃતિમાં સાકાર કર્યાં છે. અને તો પછી માનવજાતિની સંસ્કૃતિ વિશેની આપણી કલ્પના પણ આ જ પ્રમાણે, હિંદને જે પ્રાચીન દર્શન લાધ્યું છે તે અનુસાર જ બનવી જોઇએ. આ દર્શન મુજબ હિંદે એમ જોયું છે કે માનવજાતિમાં પેલું વિશ્વરૂપ તત્ત્વ જ આવિર્ભાવ પામી રહ્યું છે, એ તત્ત્વ પ્રાણ અને મન દ્વારા વિકાસ પામી રહ્યું છે પરંતુ તેને એક ઉચ્ચ અંતિમ આધ્યાત્મિક લક્ષ્ય રહેલું છે. આ પ્રમાણે માનવજાતિ વિશેની આપણી સાંસ્કૃતિક કલ્પનામાં આપણને આત્માનો ખ્યાલ રહેવો જોઈએ, આપણે એમ જોતા થવું જોઈએ કે આ તો માનવજાતિનો આત્મા સંઘર્ષ અને સંવાદ દ્વારા એકતા પ્રત્યે આગળ વધી રહેલો છે, એ રીતે પોતાના અનુભવને વધારી રહ્યો છે અને પોતાની અનેક પ્રજાઓની વિવિધ પ્રકારની સંસ્કારિતા અને વિવિધ પ્રકારના જીવનના હેતુઓ દ્વારા તે એક જરૂરની એવી વિવિધતાને ટકાવી રહ્યો છે, વ્યક્તિની શક્તિઓના વિકાસ દ્વારા તથા તેના એક દિવ્યતર સ્વરૂપ અને જીવન પ્રત્યેની પ્રગતિ દ્વારા પૂર્ણતાની શોધ કરી રહ્યો છે, પરંતુ એવી જ પૂર્ણતા માનવજાતિના જીવનમાં સાધવાને માટે, પણ જોકે જરા વધુ મંદ ગતિએ, તે પ્રયત્ન આદરી રહ્યો છે. હા, એ વસ્તુ વિશે વિવાદ રહી શકે છે કે આ જે નિરૂપણ અમે કર્યું છે તે માણસના અથવા તો રાષ્ટ્રના સ્વરૂપનું સાચું નિરૂપણ છે કે નહિ, પરંતુ આ વર્ણન સાચું છે એમ જો એક વાર સ્વીકારી લેવામાં આવે તો પછી એ વાત સ્પષ્ટ થઈ જવી જોઈએ કે જે કેળવણી વ્યક્તિના અને રાષ્ટ્રના મનમાં અને શરીરમાં આત્માનું આ જે સાચું કાર્ય ચાલી રહેલું છે તેને માટેનું કરણ બની શકે તે જ સાચી કેળવણી કહેવાય. આ સિદ્ધાંત ઉપર આપણે મંડાણ કરવું જોઈએ, એ આપણો કેન્દ્રસ્થ હેતુ અને માર્ગદર્શક આદર્શ બની રહેવો જોઈએ., આ કેળવણી એવી હોવી જોઈએ કે તે વ્યક્તિને માટે તેના આત્માની અને તેની શક્તિઓ અને શક્યતાઓની વૃદ્ધિ સધાય એને જ પોતાનું એકમાત્ર મધ્યવર્તી લક્ષ્ય બનાવશે, રાષ્ટ્રને માટે તેના રાષ્ટ્ર-આત્માનું અને ધર્મનું સંરક્ષણ થાય, એ રાષ્ટ્ર-આત્મા અને ધર્મ બળવાન અને સુસમૃદ્ધ બને એ વસ્તુને તે પ્રથમ દૃષ્ટિમાં રાખશે અને વ્યક્તિ તથા રાષ્ટ્ર બંનેને તે માનવજાતિના જીવનની તથા આરોહણ કરતા મનની શક્તિઓ રૂપે બનાવી આપશે. અને કોઈ પણ સમયે તે માનવનું જે ઉચ્ચતમ લક્ષ્ય છે, તેના આધ્યાત્મિક સ્વરૂપની જે જાગૃતિ અને વિકાસ સાધવાં જોઈએ તેને કદી પણ પોતાની દૃષ્ટિમાંથી સરી જવા દેશે નહિ. *(4)*

સંસ્મરણો

# શ્રી અરવિન્દ સાથેની પ્રથમ મુલાકાત

## અંબુભાઈ પુરાણી

શ્રી અંબુભાઇની શ્રી અરવિન્દ સાથેની પ્રથમ મુલાકાતની ઘટનાએ ઐતિહાસિક મહત્ત્વ ધારણ કર્યું છે, એ સર્વવિદિત છે. એ ઐતિહાસિક મુલાકાતની વિગતોનું શ્રી અંબુભાઇએ જાતે કરેલું વર્ણનઃ

''ઉપરના વરન્ડામાં ભૂરા કપડાથી ઢંકાયેલા એક નાના ટેબલ પાછળ લાકડાની ખુરશી હતી તેના ઉપર શ્રી અરવિન્દ બેઠા હતા. દાદર ચડીને હું ઉપર ગયો. પ્રથમ દર્શને જ જાણે કોઇ આધ્યાત્મિક જ્યોતિ એમના ચહેરાની આજુબાજુ હોય એમ લાગ્યું. એમની દૃષ્ટિ વેધક હતી. પત્ર વ્યવહાર કરેલો હોવાથી એમણે મને ઓળખ્યો તો હતો જ.... ક્રાંતિની ચળવળનો અમલ કરવાની સ્થિતિમાં અમારું મંડળ છે એ મેં જણાવ્યું.

થોડી વાર પોતે મૌન રહ્યા. પછી મને સાધના વિશે પ્રશ્નો પૂછ્યા.

મેં જવાબ આપ્યો અને ઉમેર્યું કે 'સાધના તો છે પણ હિંદ સ્વતંત્ર ન થાય ત્યાં સુધી એમાં મન પૂરેપૂરું એકાગ્ર કરવું મુશ્કેલ છે.'''

'હિંદને સ્વતંત્ર થવા માટે ક્રાંતિકારી ચળવળની–અંગ્રેજોને મારવાની કે બળવો જગાવવાની જરૂર, કદાચ, નહિ પડે.' એમણે જણાવ્યું.

'એ સિવાય અંગ્રેજ સરકાર હિંદમાંથી શી રીતે જવાની છે ?' મેં પ્રશ્ન પૂછ્યો.

શ્રી અરવિન્દઃ 'એ જુદી વાત છે; પણ બીજી રીતે હિંદ સ્વતંત્ર થાય એમ હોય તો તારે ક્રાંતિની ચળવળનો અમલ શા માટે કરવો જોઇએ ? એના કરતાં સાધના ઉપર જ ધ્યાન અપાય તો વધારે સારું.' 'પણ હિંદ એવો દેશ છે જેના લોહીમાં સાધના રહેલી છે. સ્વતંત્ર થયા પછી પણ, હું માનું છું કે, હજારો માણસો હિંદમાં યોગસાધના કરશે, પણ ગુલામોની આધ્યાત્મિકતાને, એમની યોગસાધનાના સત્યને કે શક્તિને જગતમાં કોણ સાંભળશે ? કોણ માનશે ?'

શ્રી અરવિન્દઃ 'રાજકીય સ્વતંત્રતાનો સંકલ્પ તો હિંદ કરી ચૂક્યો છે, એટલે એ કાર્ય કરનારા, હિંદની સ્વતંત્રતા માટે પ્રયત્ન કરનારા માણસો અને નેતાઓ

જરૂર મળી આવશે. પણ યોગસાધના માટે કાંઇ બધાને સાદ થયો નથી હોતો, અને થતો પણ નથી. એટલે તારા અંતરમાં જ્યારે એ વિશે સાદ થયો છે તો એના પર એકાગ્રતા કરવી વધારે જરૂરી નથી ? તારે કરવી હોય તો ક્રાંતિ કરવાને તું મુક્ત છે. પણ મારી એમાં અનુમતિ નથી.'

'ધારો કે હું મનથી સ્વીકારું કે યોગસાધના એ વધારે ઉપયોગી વસ્તુ છે અને મારે એના પર એકાગ્રતા કરવી જોઇએ. પરંતુ છેલ્લાં બે અઢી વર્ષથી હું અનુભવું છું કે હિંદની સ્વતંત્રતા માટે મારે કાંઇ કરવું જ જોઇએ. એ વિના મને ચેન પડતું નથી. હું ખૂબ શાન્ત રહેવા પ્રયત્ન કરું છું. પરંતુ ચિત્તની બધી એકાગ્રતા હિંદની સ્વતંત્રતા માટે પ્રયત્ન કરવા તરફ જ વળે છે. જ્યાં સુધી એ સિદ્ધ ન થાય ત્યાં સુધી મને નિરાંતે ઊંઘ આવવી શક્ય નથી.'

શ્રી અરવિન્દ બે ત્રણ મિનિટ સુધી મૌન રહ્યા. પછી કહ્યું:

'ધારો કે હિંદ સ્વતંત્ર થશે એવી ખાતરી આપવામાં આવે તો ?'

'કોણ એવી ખાતરી આપી શકે તેમ છે ?'

અશ્રદ્ધા અને પડકારનો સૂર મારા પ્રશ્નમાં હતો જ.

પાછું ત્રણ ચાર મિનિટ મૌન. પછી મારી તરફ દૃષ્ટિ કરીનો બોલ્યા:

'ધાર કે હું તને ખાતરી આપું.'

હું એક મિનિટ મૌન થઇ ગયો. અંતરમાં ડૂબકી મારી પાછો આવ્યો.

'તમે ખાતરી આપતા હો તો હું સ્વીકારી શકું.' મેં કહ્યું.

'તો હું તને ખાતરી આપું છું કે હિંદ સ્વતંત્ર થવાનો છે.' ગંભીર અવાજે એમણે કહ્યું.

મને થયું પોંડિચેરી આવવાનું મુખ્ય કારણ પતી ગયું. મારો અને મંડળના કાર્યને લગતો પ્રશ્ન ઉકેલાઇ ગયો...

આખરે ઊઠવાનો સમય થયો. ફરી પાછો મારા મનમાં પ્રશ્ન ઊઠ્યો અને હું શ્રી અરવિન્દને હાથ જોડીને પ્રણામ કરી રજા લેતો હતો તે વખતે મારાથી પૂછ્યા વિના રહેવાયું નહિ-મને જાણે આખા જીવનનો પ્રશ્ન લાગ્યો-'ખરેખર! તમને ખાતરી છે કે હિંદ સ્વતંત્ર થવાનો છે?'

મારા પ્રશ્નનો પૂરો અર્થ હું પોતે ભાગ્યે જ સમજ્યો હતો. મારે તો પોતાને એકે સોની ખાતરી જોઇતી હતી. અને ખાતરી તો અપાઇ હતી પણ શંકા પૂરી દૂર થઇ ન હતી.

શ્રી અરવિન્દ ગંભીર થઇ ગયા. એમની દૃષ્ટિ બારીમાંથી દૂર આકાશ પ્રત્યે, થોડી ઊર્ધ્વમાં સ્થિર થઇ. પછી મારી તરફ જોયું. ટેબલ પર હાથની મુઠ્ઠી પછાડીને કહ્યું:

'કાલે સવારે સૂર્ય ઊગવાની જેટલી ખાતરી છે તેટલી જ નક્કી એ ઘટના છે. હુકમનામું તો ક્યારનું થઇ ગયું છે, એને આવતાં બહુ વાર લાગવાની નથી.'

હું એમને પગો લાગ્યો. તે દિવસે રાત્રે ગાડીમાં બે અઢી વર્ષ પછી પહેલી વાર શાંતિપૂર્વક ઊંઘી શક્યો !

(શ્રી અરવિન્દ જીવન- પૃ. ૩૦૬થી ૩૦૯)

******

## શ્રી અરવિંદ સાથે વાર્તાલાપ

### નિરોદબરન

૧૯૩૫માં જ્યારે મેં એમને પૂછ્યું કે તેઓ ભારતની મુક્તિ માટે કાર્ય કરી રહ્યા છે કે નહીં, ત્યારે તેમણે જવાબ આપ્યો, ''એ બાબત હવે નક્કી થઈ ચૂકી છે, ફક્ત એનો અમલ થવાનો બાકી છે. ભારતને સ્વતંત્રતા 'મળ્યા બાદ' તે પોતાની સ્વતંત્રતાનો શો ઉપયોગ કરશે તેની તેણે કોઈ વ્યવસ્થા વિચારી નથી અને એ જ બાબત વિશે મારે વિચારવાનું રહે છે.''

(શ્રી અરવિંદના સાનિધ્યમાં બાર વર્ષ, નિરોદબરન, પૃ. ૨૨૧)

******

## કનૈયાલાલ માણેકલાલ મુનશીનાં સંસ્મરણો

કૉલેજમાં શ્રી અરવિન્દને લોકો જે અહોભાવથી જોતા હતા તેથી મારામાં તેમના પ્રત્યે ખૂબ પૂજ્યભાવ જાગ્યો. કૉલેજમાં અંગ્રેજીના પ્રોફેસર તરીકે તેઓ જ્યારે વ્યાખ્યાન આપવા આવતા ત્યારે તેમની વાણી હું મંત્રમુગ્ધ બનીને સાંભળતો.

પ્રોફેસર ઘોષ છોકરાઓ જોડે સંસર્ગ રાખતા નહિ. અને અંગત લોકપ્રિયતાની પરવા કરતા નહિ.

૧૯૦૪-૦૫માં જ્યારે જાપાન અને રશિયા વચ્ચે યુદ્ધ ચાલતું હતું ત્યારે અમારા કાર્યકારી આચાર્ય પ્રો. ઘોષે જાપાન અને જાપાનીઓ વિષે નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કર્યું અને તેના માટે ઈનામ પણ જાહેર કર્યું.

પ્રત્યક્ષ રીતે મેં પ્રો. અરવિન્દ ઘોષ સાથે વાત કરી હોય તેવો એક પ્રસંગ મને યાદ છે.

રાષ્ટ્રીયતા કેવી રીતે વિકસાવી શકાય ? મેં પૂછ્યુ. તેમણે દિવાલ પર ટાંગેલા ભારતના નકશા તરફ નિર્દેશ કરીને કહ્યું, ‘‘નકશા સામે જુઓ. એમાં ભારતમાતાની આકૃતિ શોધવાનું શીખો. શહેરો, પર્વતો નદીઓ અને વનો દ્વારા તેનું શરીર સર્જાયું છે. દેશમાં વસતા લોકો એના કોષો છે, જે એની સજીવ પેશીઓનું સર્જન કરે છે. આપણું સાહિત્ય એની સ્મૃતિ અને વાણી છે. એની સંસ્કૃતિનું ચૈતન્ય એનો આત્મા છે. એના બાળકોની પ્રસન્નતા અને સ્વતંત્રતા એ જ એની મુક્તિ છે. ભારતને સજીવ માતા તરીકે જુઓ. એનું ધ્યાન કરો અને નવધા ભક્તિ પ્રમાણે એની ભક્તિ કરો.’’

બંગભંગની ચળવળ સમયે પ્રો. અરવિન્દ ઘોષે વડોદરા કૉલેજના અધ્યાપકપદેથી રાજીનામું આપી દીધું. ભારતમાતાની મુક્તિ માટે તે બંગાલ જતા હતા. વડોદરા છોડતાં પહેલાં તેમણે છેલ્લું ભાષણ કર્યું તે અમે બધા યુવકોએ સાંભળ્યું, અમને હચમચાવી મુકે એવું એ ભાષણ હતું. એનો સાર મેં તે જ સમયે નોંધી લીધો હતો જે વર્ષો સુધી મારા માટે પ્રેરણા-સ્રોત રહ્યો.

(ક.મા. મુનશી કૃત ‘સ્વપ્નદ્રષ્ટા’ કૃતિ અને ‘ભવન્સ જરનલ’ ખંડ ૮, ક્રમાંક ૨૬, ૨૨ જુલાઈ ૧૯૬૨ માંથી)

******

## વલ્લભ વિદ્યાનગરના વિશ્વકર્મા અને સરદાર પટેલ યુનિવર્સિટીના આદ્યસ્થાપક ભાઈલાલભાઈ પટેલ (ભાઈકાકા)નાં સંસ્મરણો


હું ઈન્ટર આર્ટ્સમાં વડોદરા કૉલેજમાં દાખલ થયો. કૉલેજના અભ્યાસ ઉપર બહારની પ્રવૃત્તિઓની પણ સીધી અસર થવા લાગી. પ્રીવિયસમાં અમારા પ્રોફેસર શ્રી અરવિન્દ ઘોષ હતા. એ અમને ‘લે ઑફ ધી લાસ્ટ મિન્સ્ટ્રેલ’ શીખવતા. અરવિન્દ ઘોષ કૉલેજની પહેલી ટર્મ સુધી હતા. પછીથી બંગાળમાં નેશનલ કૉલેજની સ્થાપના થઈ અને વડોદરા કૉલેજની પ્રોફેસરની નોકરી છોડીને મામૂલી પગાર સ્વીકારી તેઓ કલકત્તા ચાલ્યા ગયા. આ ત્યાગની ભાવનાની અસર અમારા જેવા યુવાન વિદ્યાર્થીઓ ઉપર ખૂબજ થઈ હતી.

‘લે ઑફ ધી લાસ્ટ મિન્સ્ટ્રેલ’ની નીચે લખેલી અતિ પ્રચલિત લીટીઓ અરવિન્દ ઘોષે જ્યારે શીખવેલી ત્યારે વિદ્યાર્થી જગતને એમણે ઘેલું કરી મૂકેલું.

"Breathes there the man with soul so dead. who never to himself said that, This is my own, my native land ?"

શું હિંદમાં એવા મૂઢ જીવાત્મા જીવે છે ખરા કે જે પોતાના મોંથી એવું બોલ્યા નહિ હોય કે, ‘આ મારો દેશ છે, આ મારી માતૃભૂમિ છે ?’’

(શ્રી ભાઈલાલભાઈ પટેલ : સિત્તેરમી વર્ષગાંઠ અભિનંદન ગ્રંથ પૃ. ૧૬૦ લેખના લેખક : નટવરલાલ દવે)



The God is the only owner
of the human beings.
He has given us this body
and poured soul in to it.
He can only be our Lord.

Sardar Vallabhbhai Patel



I pray to God that He may give us
the strength to look inside our heart.

## આખાયે આયખાની કેળવણી

### શ્રી માતાજી

તમને એમ જ લાગે કે તમારે જે જાણવાનું છે તેના પ્રમાણમાં તો તમે કાંઈ જ જાણતા નથી, જ્યારે તમને એમ લાગે કે જે કામ કરવાનું છે તેની તો તમે હજી શરૂઆત જ કરી છે, જ્યારે તમને તમારું ભાવિ આકર્ષક સૂર્યના જેવું, સિદ્ધ કરવા જેવી અગણિત શક્યતાઓથી ભરપૂર લાગે, ત્યારે તમે યુવાન હો છો; પછી પૃથ્વી ઉપર તમે ગમે તેટલાં વર્ષો વિતાવ્યાં હોય તેમ છતાં પણ તમે યુવાન અને આવતી કાલની સિદ્ધિની સમૃદ્ધિવાળા શ્રી-માન હો છો.

એક સુખી અને કાર્યસિદ્ધ જીવન માટે સત્યનિષ્ઠા, વિનમ્રતા, ખંત અને પ્રગતિ માટેની એક અદમ્ય તરસ હોય એ અત્યંત જરૂરી છે. સૌથી વધુ ઓ એ વાત છે કે, તમને એ વિષયની ખાતરી થઈ જવી જોઈએ કે જો પ્રગતિ કરવી હોય તો તેને માટેની શક્યતાઓનો કોઈ અંત નથી. પ્રગતિ જ યુવાની છે; સો વર્ષની ઉંમરે પણ મનુષ્ય યુવાન હોઈ શકે છે. *(5)*

## Acknowledgements

All paragraphs from the writings of Sri Aurobindo and The Mother are copyright of Sri Aurobindo Ashram, Puducherry, India and taken with kind permission of Sri Aurobindo Ashram Trust. Their titles and captions are chosen by the editor. The sources of the short passages in the present issue are:

1. The Mother; CWM 12, 116
2. Sri Aurobindo; CWSA 21, 3-5
3. Sri Aurobindo; CWSA 13, 509-11
4. શ્રી અરવિન્દ; શ્રી અરવિન્દ જન્મશતાબ્દી ગ્રંથ-૨૬, અંક ૨૬; પૃ. ૪૨૫-૪૨૭
5. શ્રી માતાજી, શ્રી માતૃવાણી ગ્રંથ-૧૨, પૃ.. ૧૪૯

**The Sunlit Path** is print version of e magazine of Sri Aurobindo Chair of Integral Studies. The e edition can be viewed at the University website: http://www.spuvvn.edu/academics/academic_chairs/aurobindo/ **Editor:** Dr. Bhalendu Vaishnav, Chairperson, Sri Aurobindo Chair of Integral Studies, Sardar Patel University, Vallabh Vidyanagar-388120, Gujarat, India **Contact:** Department of Medicine, Pramukhswami Medical College, Karamsad-388325 **email:** Sriaurobindochair@gmail.com; sriaurobindochair@spuvvn.edu. **Published by** Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar. **Printed at** University Press, Sardar Patel University.